નવ ગુજરાત સમય (અમદાવાદ સમય)
Dome-J
તા- 15/04/21
પેજ નં - 02

## ‘95મી નેશનલ વાઈસ ચાન્સેલર્સ મીટ’નો વડાપ્રધાન મોદીએ ઈ-શુભારંભ કરાવ્યો

# ડૉ. આંબેડકર ઓપન યુનિ. દ્વારા નવી શિક્ષણ નીતિના અમલની પ્રક્રિયા શરૂ: CM

**નવગુજરાત સમય > ગાંધીનગર**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલીકરણ માટે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા એક ટાસ્ક ફોર્સનું નિર્માણ કરાયું છે. યુનિવર્સિટી દ્વારા નવી શિક્ષણ નીતિના અમલ માટે પ્રક્રિયાઓ શરૂ કરી દેવાઇ છે. નવી શિક્ષણ નીતિ દેશમાં સંશોધનના ક્ષેત્રે પ્રોત્સાહન આપનારી બની રહેશે. સાથે જ ભારતની સમૃદ્ધિ પ્રાચીન સંસ્કૃતિ અને જ્ઞાનની પરંપરાને પણ જાળવી રાખશે. જે અંતતઃ રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને વધુ મજબૂત કરશે. નવી શિક્ષણ નીતિ પર વિચારવિમર્શ માટે આપણે સૌએ નિરંતર વેબિનાર-સંગોષ્ઠિ દ્વારા સમીક્ષા કરતાં રહેવું પડશે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું મહત્વકાંક્ષી સ્વપ્ન સાકાર થશે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના અમલીકરણ માટે ‘ઈમ્પ્લિમેન્ટિંગ NEP 2020 ટુ ટ્રાન્સફોર્મ હાયર એજ્યુકેશન ઈન ઈન્ડિયા’ની થીમ સાથેની બે દિવસીય ‘95મી નેશનલ વાઈસ ચાન્સેલર્સ મીટ’નો બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈ-શુભારંભ કરાવ્યો હતો. ડો. આંબેડકરની 130મી જન્મજયંતી અવસરે એસોસિએશન ઓફ ઈન્ડિયા યુનિવર્સિટીઝ ઉપક્રમે અને ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના યજમાનપદે 14-15 એપ્રિલ દરમિયાન મીટનું આયોજન કરાયું હતું. આ તબક્કે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ મુજબની સ્પષ્ટતા કરી હતી. મુખ્યમંત્રીએ ડૉ. આંબેડકરના જીવન પર આધારિત ચાર પુસ્તકના લેખન કાર્ય બદલ યુનિવર્સિટીના ટ્રસ્ટી કિશોર મકવાણાને અભિનંદન આપ્યા હતા.



મુખ્યમંત્રીએ કહ્યું કે, નવી શિક્ષણ નીતિ નયા ભારતના નિર્માણની સાથે સાથે સંશોધન-રોજગારી ક્ષેત્રે પ્રોત્સાહન આપનારી બની રહેશે. નવી શિક્ષણ

**સમગ્ર દુનિયા રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણના વર્ષ તરીકે યાદ રાખશે : કેન્દ્રીય શિક્ષણમંત્રી ડૉ.રમેશ પોખરિયાલ**

નીતિ નયા ભારતના નિર્માણ માટે એક આવશ્યક માહોલ તૈયાર કરનારી છે. શિક્ષણ વ્યવસ્થામાં થઈ રહેલા પાયાના કોઈપણ બદલાવના કેન્દ્રમાં શિક્ષક હોવો જોઈએ. શિક્ષણ નીતિ હેઠળ શિક્ષકોને વધુ સક્ષમ બનાવવા માટે તમામ સંભવ પગલાં લેવા પડશે.

દરમિયાન ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020માં જ્ઞાન સાથે કૌશલ્યના સમાયોજનથી સશક્ત, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારત નિર્માણનો સંકલ્પ સાકાર થશે તેમ જણાવી વધુમાં જણાવ્યું કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષણવિદોની ભૂમિકા મહત્વની બની રહેશે.

કેન્દ્રીય શિક્ષણમંત્રી ડો.રમેશ પોખરિયાલ ‘નિઃશંક’એ કહ્યું કે, સમગ્ર દુનિયા રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણના વર્ષ તરીકે યાદ રાખશે તથા આ નીતિ વિશ્વમાં ‘ભારતની શિક્ષણનીતિ’ તરીકે પ્રચલિત થતા સમગ્ર વિશ્વ ભારતને જ્ઞાનની મહાશક્તિના રૂપમાં ઓળખશે’. ‘રિફોર્મ-પર્ફોર્મ-ટ્રાન્સફોર્મ’: શિક્ષણ નીતિના બાકીના બે તબક્કા ઉપર હવે કામ શરૂ કરવાનું છે. આ માટે તેમણે 5-I’s : Initiate, Innovate, Interact, Involvement and Implementationની ફોર્મ્યૂલા ઉપર કાર્યરત થવાનું સૂચન પણ કર્યું હતુ.

એસો. ઓફ ઇન્ડિયા યુનિવર્સિટીના પ્રમુખ પ્રો. તેજપ્રતાપ, UGCના ચેરમેન પ્રો. ડી. પી. સિંઘે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

24/6/21